# ચાલુ વર્ષે ₹9,000 કરોડના IPO આવશે

**પીટીઆઇ**
**નવી દિલ્હી**




ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન વિવિધ કંપનીઓએ પોતાની મૂડી એકત્રીકરણ તથા લોનની ચુકવણી જેવી જરૂરિયાતો પૂર્ણ કરવા માટે આશરે ₹૯,૦૦૦ કરોડના પ્રારંભિક પબ્લિક ઇશ્યૂ (આઇપીઓ) લાવવાની યોજના ઘડી છે. આગામી મહિનાઓમાં આવનારા સંભવિત આઇપીઓમાં કેથલિક સિરિયન બેન્ક, એજીએસ ટ્રાન્ઝેક્ટ ટેક્નોલોજિસ, શ્રી પુષ્કર કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઇઝર્સ, દિલીપ બિલ્ડકોન, એસ એચ કેલકર એન્ડ કંપની, અમર ઉજાલા તથા નવકાર કોર્પોરેશન સહિતની વિવિધ કંપનીઓનો સમાવેશ થાય છે.

આ અંગે માહિતી આપતાં પ્રાઇમ ડેટાબેઝના મેનેજિંગ ડિરેક્ટર પ્રણવ હલ્દિયાએ જણાવ્યું હતું કે હાલમાં આશરે ૧૧ કંપનીઓ ₹૫,૦૧૦ કરોડ ઊભા કરવા આઇપીઓ લાવવાની યોજના ધરાવે છે. આ કંપનીઓને સેબીની મંજૂરી પણ મળી ગઈ છે. જ્યારે ₹૩,૬૦૨ કરોડ ઊભા કરવાની યોજના ધરાવતી વધુ ૧૧ કંપનીઓએ સેબી સમક્ષ ડ્રાફ્ટ દસ્તાવેજો જમા કરાવ્યા છે અને તેઓ મંજૂરીની રાહ જોઈ રહી છે. જોકે હલ્દિયાએ જણાવ્યું હતું કે આ યાદીમાં કોઈ મોટી કંપની નથી.

બજારના નિષ્ણાતોના જણાવ્યા મુજબ છેલ્લા બે મહિનામાં પ્રારંભિક પબ્લિક ઇશ્યૂ માટે આશરે ૧૨ કંપનીઓએ ડ્રાફ્ટ પેપર્સ ફાઇલ કર્યા હોવાથી ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન આઇપીઓ માર્કેટમાં ગતિવિધિ જોવા મળે તેવી ધારણા છે. આ ઉપરાંત નવાં સાહસો (સ્ટાર્ટ અપ) માટે સેબીએ નિયમો હળવા કરવાની યોજના બનાવી છે. તેનાથી નવાં સાહસો પણ મૂડીબજારમાંથી ભંડોળ એકત્ર કરી શકે છે. સેબીએ આ અંગે મુસદ્દો જાહેર કર્યો છે.

ગયા મહિને કુલ ત્રણ કંપનીઓએ પબ્લિક ઇશ્યૂ કર્યા હતા. આ કંપનીઓમાં આઇનોક્સ વિન્ડ, એડલેબ્સ એન્ટરટેઇનમેન્ટ અને ઓરટેલ કોમ્યુનિકેશન્સનો સમાવેશ થાય છે. ૨૦૧૪-'૧૫ના તાજેતરમાં પૂરા થયેલા નાણાકીય વર્ષમાં વિવિધ કંપનીઓએ આઇપીઓ મારફત મૂડીબજારમાંથી કુલ ₹૨,૭૬૯ કરોડ એકત્ર કર્યા હતા. ૨૦૧૩-'૧૪ના નાણાકીય વર્ષમાં કંપનીઓએ આઇપીઓ મારફત માત્ર ₹૯૧૯ કરોડ એકત્ર કર્યા હતા. જોકે ગયા નાણાકીય વર્ષમાં લઘુ અને મધ્યમ ઉદ્યોગસાહસો (એસએમઇ) પ્લેટફોર્મમાં ગતિવિધિ જોવા મળી હતી. ૩૮ એમએસઇએ આઇપીઓ મારફત ₹૨૫૦ કરોડ એકત્ર કર્યા હતા. ૨૦૧૩-'૧૪ના નાણાકીય વર્ષમાં ૩૭ આઇપીઓ મારફત ₹૨૮૬ કરોડ એકત્ર કરવામાં આવ્યા હતા.